# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ

તા.૧૫/૯/૨૦૧૭

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની વિશેષ ઉપસ્થિતિમાં તારીખ ૧૮ સપ્ટેમ્બરે બક્ષીપંચ સંમેલન તથા સહકાર સંમેલન યોજાશે**

---------------

**કેન્દ્રિય મંત્રીશ્રી પી.પી.ચૌધરી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલ, મંત્રીશ્રીઓ શ્રી શંકરભાઇ ચૌધરી, શ્રી ઇશ્વરભાઇ પટેલ ઉપસ્થિત રહેશે.**

---------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તારીખ ૧૯ સપ્ટેમ્બરે અમદાવાદ ખાતે ભાજપાની 'પ્રદેશ બૃહદ કારોબારી બેઠક' મળશે.**

---------------

**પ્રદેશ બૃહદ કારોબારી બેઠકમાં કેન્દ્રિય મંત્રીશ્રી અને વિધાનસભા ચંટણીના પ્રભારીશ્રી અરૂણ જેટલીજી, રાષ્ટ્રીય મહામંત્રીશ્રી અને પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય સહસંગઠન મંત્રીશ્રી વી.સતીષજી તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ઉપસ્થિત રહેશે.**

---------------

ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડયાએ જણાવ્યું હતુ કે, ભાજપને વિશ્વની સૌથી મોટી પાર્ટી બનાવનાર, કુશળ સંગઠક એવા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ આગામી તારીખ ૧૮ સપ્ટેમ્બરના રોજ ની વિશેષ ઉપસ્થિતિમાં ખેડા જીલ્લાના ફાગવેલ ખાતે બપોરે ૧૨.૦૦ વાગે બક્ષીપંચ સંમેલન યોજાશે, જેમાં ભાજપા બક્ષીપંચ મોરચાના પ્રદેશ હોદ્દેદારો, જીલ્લા/મહાનગરના પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, કાર્યકરો તેમજ ગુજરાતભરમાંથી બક્ષીપંચ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની વિશેષ ઉપસ્થિતિમાં તારીખ ૧૮ સપ્ટેમ્બરે બપોરે ૩.૩૦ કલાકે યુનિવર્સીટી કન્વેન્શન હોલ, અમદાવાદ ખાતે સહકાર સંમેલન યોજાશે, જેમાં ભાજપા સહકાર સેલના સૌ આગેવાનો–કાર્યકરો તેમજ ગુજરાતભરમાંથી સહકાર ક્ષેત્રના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. ઉપરોક્ત બંને સંમેલનોમાં કેન્દ્રિય મંત્રીશ્રી પી.પી.ચૌધરી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલ, મંત્રીશ્રીઓ શ્રી શંકરભાઇ ચૌધરી તથા શ્રી ઇશ્વરભાઇ પટેલ ઉપસ્થિત રહેશે.

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યુ હતુ કે, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તારીખ ૧૯ સપ્ટેમ્બરે પંડિત દીનદયાળ ઓડિટોરિયમ, બોડકદેવ, અમદાવાદ ખાતે ભાજપાની 'પ્રદેશ બૃહદ કારોબારી બેઠક' મળશે. જેમાં કેન્દ્રિય મંત્રીશ્રી અને વિધાનસભા ચંટણીના પ્રભારીશ્રી અરૂણ જેટલીજી, રાષ્ટ્રીય મહામંત્રીશ્રી અને પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય સહસંગઠન મંત્રીશ્રી વી.સતીષજી તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સહિત સૌ આગેવાનો ઉપસ્થિત રહેશે.

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યુ હતુ કે, ભાજપા સંગઠનની પરંપરા મુજબ દર ત્રણ મહિને પ્રદેશ કારોબારી બેઠક મળતી હોય છે, જેમાં આગામી ત્રણ મહિનાના કાર્યક્રમોનું આયોજન તેમજ ચૂંટણી અને સંગઠનાત્મક બાબતો પર ચર્ચા–વિચારણા થતી હોય છે. આ પ્રદેશ કારોબારી બેઠકમાં નીચે મુજબની અપેક્ષિતશ્રેણીના કાર્યકરો ઉપસ્થિત રહેશે.

પ્રદેશ કોર ગ્રુપ, પ્રદેશમાં રહેતા રાષ્ટ્રીય મોરચાના હોદ્દેદારશ્રીઓ, પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, પ્રદેશ મોરચાના પ્રમુખશ્રી–મહામંત્રીશ્રીઓ, પ્રદેશ સેલના કન્વીનરશ્રીઓ, પ્રદેશના વિવિધ વિભાગ અને પ્રકલ્પની ટીમ, પ્રદેશ કારોબારી સભ્યશ્રીઓ, આમંત્રિત અને વિશેષ આમંત્રિત સભ્યશ્રીઓ, વિધાનસભા ચૂંટણીના જીલ્લા/મહાનગરના નિરિક્ષકશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રમુખ–મહામંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, બોર્ડ–નિગમના ચેરમેન–વાઇસ ચેરમેનશ્રીઓ, વિધાનસભા સીટના વાલી, જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી અને કારોબારી ચેરમેનશ્રી, અથવા વિપક્ષના નેતાશ્રી, મહાનગર પાલિકાના મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી અને કારોબારી ચેરમેનશ્રી, બીજા પ્રદેશમાંથી આવેલ ચૂનાવ સહયોગીઓ, વિસ્તારકશ્રીઓ ઉપસ્થિત રહેશે.

(ડૉ.હર્ષદ પટેલ)
મીડિયા વિભાગ